# જિલ્લા નાયબ નિયામક (વિ.જા)ની કચેરી, સી-બ્લોક, બીજો માળ, નર્મદા ભવન, વડોદરા

ફોન-૦૨૬૫-૨૪૨૬૬૨ EMAIL-swo-ddo-vad@gujarat.gov.in

નં.નાનિ/વિ.જા/૨૦૧૮-૧૯/૧૯૨૬ થી ૧૯૪૦ તારીખ-૦૭-૦૪-૨૦૧૮

**પરિપત્ર**

વિષય:- વર્ષ-૨૦૧૭-૧૮ ની વિકસતિ જાતિ(SEBC/EBC/MINORITY/NTDNT)ના વિદ્યાર્થીઓની પ્રિ.મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ મંજુર કરવા બાબત

સંદર્ભ:- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા., ગાંધીનગરના પત્ર નં.વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯, તા.૦૫-૦૪-૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયેના સંદર્ભ દર્શિત (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળની પ્રિ.મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી વર્ષ-૨૦૧૭-૧૮થી DIGITAL GUJARAT PORTAL પર કરાવવામાં આવેલ છે.

ઉક્ત બાબતે જણાવવાનું કે, વર્ષ-૨૦૧૭-૧૮ પૂર્ણ થઈ ગયેલ હોવા છતા અમુક શાળાઓ/કોલેજ/સંસ્થા કક્ષાએ પ્રિ.મેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિના વિદ્યાર્થીઓની પ્રપોઝલ/અરજીઓ પેન્ડીંગ પડી રહેલ હોય તેવું ધ્યાને આવેલ છે. જે પૂર્ણ કરવા તા.૨૦-૦૪-૨૦૧૮ સુધીમાં ઓનલાઈન બાકી રહેતી દરખાસ્તો બનાવી મોકલી આપવી. તેમાં કોઈ મુશ્કેલી જણાય તો અત્રેની કચેરીનો સંપર્ક કરી **Query** તાત્કાલીક **Solve** કરાવી લેવા વિનંતી છે. ટુંક સમયમાં પોર્ટલ પર વર્ષ-૨૦૧૮-૧૯ ના શૈક્ષણિક વર્ષની શિષ્યવૃતિની કામગીરી શરૂ થનાર હોય વર્ષ ૨૦૧૭-૧૮ ના કોઈ વિદ્યાર્થી સ્કોલરશીપથી વંચિત ન રહી જાય તે મુજબ તા.૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. તા.૨૦/૦૪/૨૦૧૮ બાદ પોર્ટલ ફરી ઓપન કરવામાં આવશે નહી જેથી શાળા/કોલેજ/સંસ્થાની તેમના લોગીંનમાં બાકી રહેતી દરખાસ્ત તા.૨૦/૦૪/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવી. જો શાળા/કોલેજ/સંસ્થા લેવલે દરખાસ્ત પેન્ડીંગ રહેશે તો જે તે શાળા/કોલેજ/સંસ્થાની સઘળી જવાબદારી રહેશે જેની ગંભીર નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, શાળા/કોલેજ/સંસ્થાએ ઓનલાઈન એપ્રુવ કરી અગાઉના પરીપત્રની સુચના મુજબ દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા) વડોદરા

નકલ રવાના જાણ સારૂ.

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અનાવીલ ભવન, કારેલીબાગ, વડોદરા.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વડોદરા
(3) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૪) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, દાંડીયા બજાર, વડોદરા
(૫) રજિસ્ટારશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા
(૬) રજિસ્ટારશ્રી, પારૂલ યુનિવર્સિટી, વડોદરા
(૭) રજિસ્ટારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી, વડોદરા
(૮) રજિસ્ટારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ
(૯) રજિસ્ટારશ્રી, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૧૦) રજિસ્ટારશ્રી, સિગ્મા યુનિવર્સિટી, વડોદરા
(૧૧) રજિસ્ટારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
(૧૨) રજિસ્ટારશ્રી, સૌરાસ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(૧૩) રજિસ્ટારશ્રી, ગુરૂ ગોવિંદસિંહ યુનિવર્સિટી, ગોધરા
(૧૪) રજિસ્ટારશ્રી, નવરચના યુનિવર્સિટી, વડોદરા

૨/- ક્રમ નં. ૧ થી ૪ આપના તાબા હેઠળની તમામ સરકારી ગ્રાન્ટેડ શાળાઓને તથા ક્રમ નં. ૫ થી ૬ આપના તાબા હેઠળની સંબંધિત તમામ કોલેજોને જરૂરી સુચના આપવા સારૂ (**સત્તાવાર વેબસાઈટ પર પણ મુકવા વિનંતી છે**)

**નકલ સવિનય રવાના જાણ સારૂ.**

(૧) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા. ગાંધીનગર